For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરતના 700 વર્ષ જૂના ઇતિહાસ વચ્ચે વર્તમાનના 160 મેયર્સનું 'ગાલા ડિનર'





■ મોગલ, ઈંગ્લિશ, ડચ, પોર્ટુગીઝ, તુર્કી, આર્મેનિયમની પ્રજાએ સુરતમાં રહીને વેપાર કર્યો છે. હાલમાં સુરતમાં પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર-તેલંગાણા, કર્ણાટક, કેરળ, તમિલનાડું, બીહાર જેવા રાજ્યોના લોકો વેપાર કરી રહ્યાં છે ત્યારે દેશના વર્તમાનના 160 શહેરના પ્રથમ નાગરિકોએ 700 વર્ષ જૂના કિલ્લાની સાક્ષીમાં ગાલા ડિનર લીધું હતું. જે સુરત માટે એક અલભ્યક્ષણ સાબિત થઇ છે. **(તસવીર : હેમંત ડેરે)**

**સુરતમાં ડિસેમ્બરની ઠંડીનો દબદબો, વધુ ઠંડીની ચેતવણી**

# સુરતમાં 13.8 ડિગ્રી ઠંડીએ 2 વર્ષનો રેકોર્ડ તોડ્યો

**વર્ષ** 2011થી સૌથી નીચું તાપમાન 2018માં 10.6 ડિગ્રી નોંધાયું હતું

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો સતત ધીમે ધીમે નીચે સરકતો જઈ રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન 13.8 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતાં ડિસેમ્બર મહિનાની ઠંડીએ છેલ્લા બે વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. ઉત્તરોઉત્તર બીજા દિવસે પણ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાતા શહેરવાસીઓએ વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો.

### આ વર્ષે દસકાનો રેકોર્ડ તૂટવાની સંભાવના

ડિસેમ્બર 2025માં નોંધાયેલું તાપમાન છેલ્લા બે વર્ષમાં સૌથી ઓછું હોવાને કારણે ઠંડીના નવા રેકોર્ડની ચર્ચા શરૂ થઈ છે. કારણકે અત્યાર સુધી ડિસેમ્બર મહિનાનું સૌથી નીચું તાપમાન 20 ડિસેમ્બર પછી જ નોંધાયું છે. આ વખતે હજી 13 તારીખે જ તાપમાનનો પારો ગગડ્યો છે. હજી અડધો ડિસેમ્બર બાકી છે ત્યારે ઠંડીનો પારો રેકોર્ડ સર્જી શકે છે.

**ડિસેમ્બર મહિનાનું સૌથી નીચું તાપમાન**

| વર્ષ | તાપમાન (તારીખ) |
|---|---|
| 2020 | 12.02 (30) |
| 2021 | 11.00 (17) |
| 2022 | 13.06 (25) |
| 2023 | 17.04 (25) |
| 2024 | 14.02 (10) |
| 2025 | 13.08 (13) |

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરમાં મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી વધીને 33.8 ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન બપોરે સામાન્યથી થોડું ગરમ વાતાવરણ રહ્યું, જ્યારે સવાર અને રાત્રે ઠંડી વધુ અનુભવી હતી. હવામાં 50 ટકા ...અનુસંધાન પાના 5 પર

# પત્નીએ ચપ્પુથી આપઘાત કરતા રોક્યા તો અગાશીમાં જઈ કૂદી પડ્યા

**એકે** રોડ પર આંતરડાની બીમારીથી કંટાળી રત્નકલાકારનો આપઘાત

**બચાવવાની** કોશિશમાં પત્નીને પણ હાથમાં ચપ્પુ વાગી ગયું

સુરતઃ એ.કે રોડમાં આંતરડાની બીમારીથી કંટાળીને પતિ રસોડામાં જઈને ગળા પર ચપ્પુ મારીને આપઘાતનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે જ પત્નીએ પહોંચી તેમને અટકાવી દીધા હતા. તો પત્નીને ધક્કો મારીને અગાશીમાં પહોંચેલા પતિએ અગાશીમાં જઈને મોતની



છલાંગ લગાવી દીધી હતી. પતિને બચાવવાની કોશિશમાં પત્નીને પણ હાથમાં ચપ્પુ વાગી ગયું હતું.

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, મૂળ જામનગર જામજેતપુર સમાણાના રત્નકલાકાર ઘનશ્યામભાઈ પરબતભાઈ રામોલિયા (58 વર્ષ) હાલ અશ્વિનીકુમાર રોડ પર આવેલ નરનારાયણ સોસાયટીના કૃષ્ણકુંજ એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતા હતા. પરંતુ હાલ ચારેક મહિનાથી ઘરે બેકાર બેસી રહેતા હતા. તેમનો પુત્ર ટેક્સટાઈલ માર્કેટમાં ...અનુસંધાન પાના 5 પર

# ત્રિરંગાનું સન્માન જાળવવા મૂકેલી છ પેટી ચોરાઇ ગઇ

15 ઓગસ્ટ અને 26 જાન્યુઆરી પછી ત્રિરંગા રઝળે નહીં તે માટે ત્રિરંગા રક્ષા પેટી મૂકવામાં આવી છે

**બી** ફોજી ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટે અત્યાર સુધી 60 હજાર તિરંગાઓને સન્માનપૂર્વક નીકાલ કર્યો છે

સુરતઃ બી ફોજી ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટ દ્વારા પ્રજાસત્તાક દિવસ 26 જાન્યુઆરી અને સ્વાતંત્ર્ય દિવસ 15 ઓગસ્ટ દરમિયાન તિરંગાનું




સન્માન જળવાઈ રહે તે માટે શરૂ કરાયેલી સરાહનીય પહેલને શહેરમાં અસંવેદનશીલ વર્તન અને ચોરીની ઘટનાઓને કારણે મોટો ઝાટકો લાગ્યો છે. ટ્રસ્ટ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ...અનુસંધાન પાના 5 પર

**આર્મી કલર અને ડિઝાઇનમાં રક્ષા પેટી તૈયાર કરવામાં આવી છે**

દરેક રક્ષા પેટી આર્મીના કલર અને ડિઝાઇનમાં તૈયાર કરાઈ હતી. સાથે દરેક પેટી પાસે એક વિશેષ બેનર લગાડવામાં આવ્યું હતું, જેમાં મોટા અક્ષરોમાં "તિરંગા રક્ષા પેટી"લખેલું છે. બેનર પર "તિરંગા લહેરાએ શાન સે, પર આંચ ન આએ, ઉસકે સમ્માન મેં"જેવા સંદેશ દ્વારા લોકોમાં દેશભક્તિ અને તિરંગાના સન્માનની ભાવના જાગૃત કરવાનો પ્રયાસ કરાયો હતો.

# વનવિભાગે 4 એલેકઝાન્ડ્રી પોપટ સાથે એકને પકડ્યો

**દુકાનદાર** સામે ગુનો નોંધી 25 હજારનો દંડ ફટકાર્યો

**વિશાલ** પેટ શોપ પર ચાર એલેક્સઝાન્ડ્રી પોપટ વેચવા મુક્યા હતા

સુરતઃ વન્યજીવ સંરક્ષણ કાયદાનો ભંગ કરી ગેરકાયદેસર રીતે પોપટ પાંજરામાં પૂરી રાખી વેચાણ કરતા તત્વો સામે સુરત વન વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે. વન વિભાગે ઉધના-નવસારી બજાર રોડ પર આવેલી એક પેટ શોપ પર રેડ કરી ચાર વન્યજીવ



પોપટને કબજેમાં લઈ દુકાનદારને 25 હજારનો દંડ ફટકાર્યો હતો.

નાયબ વન સંરક્ષક ધીરજકુમાર (આઈએફએસ) સુરત વન વિભાગને મળેલી માહિતીના પગલે મદદનીશ વન સંરક્ષક એચ.આર. જાદવની સૂચના મુજબ ઉધના નવસારીબજાર રોડ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતાં. આ રેઇડ "વિશાલ પેટ શોપ" ખાતે કરવામાં આવતા અહીં એલેકઝાન્ડ્રી જાતિના 4 પોપટ (નર-1 અને માદા-3) પાંજરામાં પૂરી રાખી વેચાણ માટે રાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ પોપટ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ સુરક્ષિત પ્રજાતિમાં આવતાં હોવાથી તેમનું રાખણ અને વેચાણ ગુનાહિત કૃત્ય છે. આ પોપર અને પક્ષીઓનું વેચાણ કરનાર દાંતણીયા વિશાલ જશવંતભાઈ (ઉંમર ૩૫ વર્ષ), (રહે. ૩/૧૪૪૫, મચ્છી માર્કેટ, સલાબાતપુરા) ને ઝડપી પાડવામાં ...અનુસંધાન પાના 5 પર

**સુરતમાં અજ્ઞાનતાનો અજીબ કિસ્સો**

# પરિવાર અર્થી સાથે જ મૃતદેહ લઈ નવી સિવિલ પહોંચી ગયો

**ઉમરા** સ્મશાનભૂમિએ મૃત્યુનું પ્રમાણપત્ર, દસ્તાવેજો ન હોય અંતિમવિધિ અટકી હતી બાદમાં ડોક્ટરની સર્ટી અને તપાસ બાદ મૃતદેહ પાછા સ્મશાન લઈ ગયા

સુરતઃ શહેરના પાંડેસરા વિસ્તારમાંથી એક અજીબ અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક વૃદ્ધ મહિલાના અવસાન ...અનુસંધાન પાના 5 પર



### ઈસીજી બાદ મૃત જાહેર કરી કાગળિયાં મળ્યા

હોસ્પિટલમાં ડોક્ટરો દ્વારા ઈસીજી સહિતની જરૂરી તબીબી તપાસ કરવામાં આવી હતી. તમામ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ મહિલાને અધિકૃત રીતે મૃત જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસને જાણ કરી મૃત્યુ સંબંધિત તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર કરી પરિવારજનોને આપવામાં આવ્યા હતા.

# પિતા સાથે હોટલમાં જમીને ઘરે જતાં યુવકનું મોપેડ ટક્કરે મોત

સુરતઃ પિતા સાથે હોટલમાં જમ્યા બાદ ઘરે આવતા યુવકને મોપેડચાલકે ટક્કર મારતાં મોત નીપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મોટાવરાછા વિસ્તારમાં આવેલ ભવાની હાઈટ્સમાં 25 વર્ષીય સાગર મનસુખભાઈ સોનાણી પરિવાર સાથે રહેતો હતો. સાગર વાલકપાટિયા પાસે આવેલા એક ખાતામાં તેના પિતા સાથે સાડી જોબવર્કનું કામ કરતો હતો. ગત 6 ઓક્ટોબરના રોજ રાત્રે ખાતાથી નીકળ્યા બાદ સાગર તેના પિતા અને ભાઈ સાથે જમવા ...અનુસંધાન પાના 5 પર

**॥ અનાવિલ અવસાન ॥**



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા નાનાભાઈ/કાકા મુકેશભાઈ નાનુભાઈ દેસાઈ(સુધીરભાઈ) સુરતનું દુઃખદ આવસાન તા.૧૨.૧૨.૨૦૨૫ને શુક્રવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું : તા.૧૫.૧૨.૨૦૨૫ ને સોમવારે બપોરે ૩ થી ૫ કલાકે "શ્રી દયાળજી આશ્રમ", સંસ્કાર ભવન પહેલો માળ, મજુરાગેટ, સુરત ખાતે રાખેલ છે.

સ્વ.મુકેશભાઈ નાનુભાઈ દેસાઈ (સુધીરભાઈ) સ્વ.તા.૧૨.૧૨.૨૦૨૫

લિ. શોકાતુર

અ.સૌ.કુમુદબેન જયંતભાઈ દેસાઈ — જયંતભાઈ નાનુભાઈ દેસાઈ(ભાઈ)
અ.સૌ.ગીતાબેન અનિલભાઈ દેસાઈ — અનિલભાઈ નાનુભાઈ દેસાઈ(ભાઈ)(રીટા.SBI)
ચંદ્રિકાબેન સુભાષભાઈ શાહ (બેન-બનેવી) — સ્વ.મુકુન્દભાઈ નાનુભાઈ દેસાઈ(ભાઈ)

નિવાસ સ્થાન : વિતરાગ એપાર્ટમેન્ટ, સિવાંશ અમુલ બેકરીની પાછળ, ન્યુ રાંદેર રોડ, તાડવાડી, સુરત

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**અશુભ રામકબીર**



**સ્વ. સરોજબેન રતિલાલ ભકત**
સ્વ. તા. ૧૨/૧૨/૨૦૨૫

સખેદ જણાવવાનું કે મારા ધર્મપત્ની / માતૃશ્રી અ.સૌ. સરોજબેન (સીતાબેન) રતિલાલ ભકત નું તા.૧૨.૧૨.૨૦૨૫ ના દિને અવસાન થયુ છે. તે જાણશોજી સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે તા. ૧૭.૧૨.૨૦૨૫ ને બુધવારે સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને સંયુકત કીર્તનમિતિ રાખી છે.
ૐ શાંતિ, શાંતિ, શાંતિ

| પિયર પક્ષ | લિ. રતિલાલ હરિભાઈ ભકત |
|---|---|
| સ્વ. પરભુભાઈ ભકિતભાઈ ભકત | કિર્તીભાઈ રતિલાલ ભકત |
| સન્મુખભાઈ ભકિતભાઈ ભકત (USA) | અ.સૌ દીપિકાબેન મનોજલાલ ભકત (પુત્રી/કપુરા-USA) |
| નરસિંહભાઈ ભકિતભાઈ ભકત (USA) | હેમંતભાઈ રામભાઈ ભકત (USA) |
| અરવિંદભાઈ ગોવિંદભાઈ ભકત (USA) | અતુલભાઈ રામભાઈ ભકત (USA) |
| સ્વ. મગનભાઈ ગોવિંદભાઈ ભકત | અક્ષયભાઈ મોહનભાઈ ભકત (મુ.ઘલુડા) |
| મુ.પો. પડઘા, તા. જી. નવસારી | ચિ. યશ અને ચિ. જિત (પૌત્રો) |

નિવાસ સ્થાનઃ મુ. ઘલુડા, પો.તા. પલસાણા, જિ.સુરત.

**પ્રથમ માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. મોહનભાઈ દલપતભાઈ પટેલ**
સ્વ. તા. ૧૪-૧૧-૨૦૨૫

"જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે" કેટલું નહિ,
કેવુ જીવ્યા એ જ યાદ રહી જાય છે.
તમારો દેહ તો વિલીન થયો છે
પરંતુ આત્મા વિલીન થયો નથી.
અમારા હૃદયમાંથી આપની
સ્મૃતિ કદી વિસરાશે નહી.
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ
અર્પે એ જ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ...

:: શોકાતુર ::

શૈલેષ મોહનભાઈ પટેલ (પુત્ર) — હર્ષિલ શૈલેષભાઈ પટેલ (પૌત્ર)
અમિષ મોહનભાઈ પટેલ (પુત્ર) — પાર્થિવ અમિષભાઈ પટેલ (પૌત્ર)
વિમલ મોહનભાઈ પટેલ (પુત્ર) — નિલય વિમલભાઈ પટેલ (પૌત્ર)
તથા સમસ્ત પરીવાર

: નિવાસ સ્થાન :
૪-૫, સ્વીટ ઓમ સોસાયટી, ગેઈલ ટાવરની સામે, આનંદ મહલ રોડ, સુરત.
મૂળ વતન : માસમા (વચલું ફળીયું), તા. ઓલપાડ, જિ. સુરત.

**શ્રી સુરતી મોઢવણિક દુઃખદ અવસાન**



સ્વઃ કનૈયાલાલ પ્રાણજીવનદાસ સોલાપુરવાલા
નિધન : 13-12-2025

દિલગીરી સહ જણાવાનું કે, અમારા પિતા શ્રી કનૈયાલાલ સોલાપુરવાલાનું તા. 13-12-2025 શનિવારનાં રોજ દુઃખદ નિધન થયેલ છે. સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રભુ પ્રાર્થના.

**સદ્‌ગત સ્મશાનની યાત્રા**
તા. 14-12-2025 રવિવારનાં રોજ અમારા નિવાસ સ્થાનથી સવારે 9.00 વાગ્યે જહાંગીરપુરા કુરક્ષેત્ર ખાતે લઈ જવામાં આવશે.

**સદ્‌ગતનું બેસણું**
તા. 14-12-2025 રવિવારનાં રોજ સાંજે 4 થી 5 કલાકે સિંધુસેવા સમિતિ હોલ, અડાજણ, સુરત મુકામે રાખેલ છે. (તા.ક. લૌકિક રિવાજ સદંતર બંધ છે.)

: શોકાતુર :
સ્વઃ તારાબેન કનૈયાલાલ સોલાપુરવાલા
મનોજ કનૈયાલાલ સોલાપુરવાલા — અમી મનોજ સોલાપુરવાલા
પરેશ કનૈયાલાલ સોલાપુરવાલા — રૂપલ પરેશ સોલાપુરવાલા
અતુલ કનૈયાલાલ સોલાપુરવાલા — પ્રીતિ અતુલ સોલાપુરવાલા
કુણાલ પી. સોલાપુરવાલા — સોનલ કે. સોલાપુરવાલા
જેનીલ એ. સોલાપુરવાલા — નીશી જે. સોલાપુરવાલા
ડૉ. નિશાંત એમ. સોલાપુરવાલા — ડૉ. પ્રિન્સી એન. સોલાપુરવાલા
બાદલ પી. સોલાપુરવાલા — નીશી બી. સોલાપુરવાલા
અમીત જે. કોલસાવાલા — આશિકા એ. કોલસાવાલા
ચાર્લ્સ કે. મોદી — ડેઝી સી. મોદી

કેલીન, આધા, રેયાંશ, માયશા, પ્રિસ્ટીન, વર્ધાન, અભીર, અવીર, હોમી
તથા સમસ્ત સોલાપુરવાલા પરિવાર

: નિવાસ સ્થાન :
મનોજ કે. સોલાપુરવાલા - 11, સાંઈ વિલા, માધવ પાર્ક બંગ્લોઝ, પરશુરામ ગાર્ડન રોડ, અડાજણ, સુરત
મો. 92654 99800 - 98752 71198